# નિયામક, સમાજ સુરક્ષા ખાતુ

બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ – મેઈલ : dir-sd@gujarat. gov.in

सत्यमेव जयते
તુષાર એમ. ધોળકિયા, આઈ.એ.એસ.
નિયામક


---

નં સસુખા / સીપીડી / ૨૦૧૫-૧૬ / ૧૦૪ | તા.૬/૦૧/૨૦૧૬

## પરીપત્ર

આથી સર્વે સમાજ સુરક્ષા ખાતા હેઠળની બાળકો, વિકલાંગો ,વૃધ્ધો, ભીક્ષુકો ક્ષેત્રે કામ કરતી સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, સંસ્થા ખાતે આશ્રય લેતા લાભાર્થીઓને શિક્ષણ તેમજ મનોરંજન માટે શૈક્ષણિક તેમજ અન્ય પ્રવાસોમાં લઇ જવાના હોય છે.

બાળકો, વિકલાંગો, વૃધ્ધો ,ભીક્ષુકો ક્ષેત્રે કામ કરતી સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓને સંસ્થાના આશ્રિત લાભાર્થીઓના પ્રવાસ મંજૂરી માટે નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૧. સરકારશ્રી/દાતા ધ્વારા આયોજિત પ્રવાસ ,જિલ્લાની અંદર તેમજ જિલ્લાની બહારના પરંતુ રાજ્યની અંદરના પ્રવાસની મંજૂરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્રારા આપવાની રહેશે. મંજુરીની નકલ જે જિલ્લા માં પ્રવાસે જવાના હોય તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીને જાણ કરતી નકલ આપવી, તેમજ દુરવાણી પણ જાણ કરવી.

૨. રાજ્યની બહારના પ્રવાસની મંજૂરી વડી કચેરી ખાતેથી લેવાની રહેશે.

૩. આ ઉપરાંત બાળગૃહોમાં જુવેનાઇલ જસ્ટિસ રૂલ્સ -૨૦૧૧ મુજબ, સક્ષમ સત્તામંડળની એટલે કે, ચાઇલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઇલ જસ્ટીસ બોર્ડની મંજૂરી પ્રથમ લેવાની રહેશે.

૪. સ્વૈચ્છિક ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓને ગ્રાન્ટ ઇન એઇડ કોડ ૧૯૯૨ના નિયમ પ્રમાણે મુજબ પ્રવાસ ખર્ચની મંજૂરી આપવાની રહેશે.

૫. રાજ્ય બહારના પ્રવાસ માટેની દરખાસ્ત સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા કચેરીની ભલામણ સાથે વડી કચેરીને સમય મર્યાદામાં કરવાની રહેશે. વડી કચેરીની મંજૂરી વગરનો પ્રવાસ અમાન્ય તથા અંગત જોખમે કરાવેલ ગણવાનો રહેશે

૬. બાળાઓ પ્રવાસ કરનાર હોય તો મહિલા કર્મચારી અવશ્ય સાથે રાખવા, બહેરા મુંગા, માનસિક ક્ષતિવાળા બાળકો હોય તો વાલીની મંજૂરી મેળવવી, વગેરે સામાન્ય શરતો જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ પોતાની વિવેક બુધ્ધિ અનુસાર રાખવી.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

પ્રતિ

૧.અધીક્ષકશ્રી

સર્વે સરકારી, બાળગૃહો, /ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ/ભીક્ષુકગૃહો-કેન્દ્રો/અપંગ બાળગૃહો/માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ તમામ ને જાણ સારૂ.

૨. આચાર્યશ્રી,

અંધશાળા / બહેરા મુંગા શાળાને જાણ સારૂ.

૩. પ્રમુખ/મંત્રીશ્રી

સર્વે અનુદાનિત સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓને જાણ સારૂ.

નકલ સાદર રવાના-

નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગરને વિદિત થવા વિનંતી.

નકલ રવાના-

૧. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,તમામ ને જરૂરી જાણ તથા અમલવારી સારૂ.

૨. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, તમામને જરૂરી જાણ સારૂ.

૨. પ્રોગ્રામ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,ગાંધીનગરને જાણ સારૂ.

૩. પરીપત્રની ફાઇલ